કિંમત રૂા. ૧૦/-　　　　બ્લોક　　　　અરજીપત્રક નં. :

# શ્રી કચ્છી વીશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન – મુંબઈ

સંચાલિત :

# શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામ – લોનાવલા.


કાર્યાલય :
શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજનવાડી
૭૦/૮૦, ડો. આંબેડકર રોડ,
વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઈ)
મુંબઈ – ૪૦૦૦૧૨
ફોન : ૨૩૭૨૧૦૮૪ / ૨૩૭૩૪૬૭૮
કાર્યાલય સમય : ૧૧ થી ૫
Email : kvosthanakwasi@gmail.com
Website : www.kvosjm.org

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

સ્થળ :
પ્લોટનં.૧૪૭ –એ,૧૪૮-એ
ન્યુ તુંગારલી રોડ,બીજીસ હોટલની
બાજુમાં,લોનાવલા–(વેસ્ટ),તાલુકો-માવલ,
જીલ્લો –પૂના,પીન કોડ નં. – ૪૧૦૪૦૧
ફોન : STD CODE : ૦૨૧૧૪-૨૭૩૨૭૦
STD CODE : ૦૨૧૧૪-૨૭૦૮૯૪


| જન સંખ્યા મર્યાદા: | ૧૫ | ૧૦ | ૭ | ૩ |
|---|---|---|---|---|
| | A – પાંચ રૂમ | B- ચાર રૂમ | C-ત્રણ રૂમ | D- સીંગલ રૂમ |

**Bank Name: Bank of India, Lalbaug, A/C No.: 018820110000253 IFSC Code : BKID0000188**

સુજ્ઞ મહાશયો,

જત હું નીચે સહી કરનાર આથી ઉપરોક્ત આરોગ્યધામમાં A-પાંચ રૂમ,B-ચાર રૂમ, C-ત્રણ રૂમ,D- સીંગલ રૂમના બ્લોકના વપરાશ મેળવવા માટે અરજી કરું છું. જે માટે નીચેની વિગતો પુરી પાડું છું. શક્ય હોય તો ગ્રાઉન્ડ ફ્લોર / પહેલે માળે / કોઈપણ બ્લોક આપવા કૃપા કરશો.

અરજદારનું નામ : ______________________ ગામ : ____________

અરજદારની જ્ઞાતિ : ______________________ ધંધો / વ્યવસાય : ____________

રહેઠાણનું સરનામું : ______________________________________

______________________________________

______________________________________

ફોન નં. : ____________

ધંધાનું સરનામું : ______________________________________

______________________________________

______________________________________

ફોન નં. : ____________

- આ સાથે અરજદારે રેશનકાર્ડની પહેલા અને છેલ્લા પાનાની તથા આધારકાર્ડની ઝેરોક્ષ કોપી અને અરજદારના બેંક ખાતાના ચેકની ઝેરોક્ષ આપવાની રહેશે .
- બ્લોક કેન્સલેશન ચાર્જ : ૭ દિવસ પહેલા પુરો ભાડો + ૧૮% GST, ૧૫ દિવસ ની અંદર ભાડાના ૭૫% + ૧૮% GST, અને ૧૫ દિવસ પહેલા ભાડાના ૫૦% + ૧૮% GST લાગુ થશે.
- આ આરોગ્યધામનો લાભ અરજદાર કે તેમના કુટુંબીઓએ અગાઉ લીધો છે ?　　ના / હા

  લાભ લીધો હોય તો છેલ્લો વપરાશ ક્યારે લીધેલ હતો ____________________

  બ્લોક ક્યારથી જોઈએ છે . ____________ કેટલી મુદ્દત માટે ____________

  જો ત્યારથી નહીં મળી શકે તો તા.____________ અથવા તા. : ____________

  માંદગીના કે હવાફેરના કારણે વપરાશ માટે જોઈએ છે ? ____________________

(જો માંદગીના કારણે જોઈતો હોય તો હોસ્પિટલ અને ડોક્ટરના મેડીકલ રીપોર્ટ જોડવા.)

મારા કુટુંબમાં નીચે મુજબ વ્યક્તિઓ છે.

**નોંધ :** કુટુંબ એક જ રસોડે જમતી વ્યક્તિઓનું બનેલું રહેશે અને સામાન્યતઃ રેશનકાર્ડ હોય તો તેમાં દર્શાવવામાં આવેલ વ્યક્તિઓનું ગણાશે.

| ક્રમ | નામ | અરજદાર સાથે સંબંધ | ઉંમર |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |
| ૫. | | | |
| ૬. | | | |
| ૭. | | | |
| ૮. | | | |
| ૯. | | | |
| ૧૦. | | | |

ઉપરોક્ત વ્યક્તિઓમાંથી બીજી કોઈ વ્યક્તિની આરોગ્યધામમાં બ્લોક મેળવવાની અરજી ચાલુ નથી.

**ખાસ નોંધ** : -નોન મેમ્બરને દિવાળી,ક્રિસમસ ઉનાળુ તથા જુલાઈ,ઓગસ્ટ માસ દરમ્યાન બ્લોક કે બંગલા ફાળવવામાં આવ શે નહીં તેમજ સામાન્ય દિવસોએ ૧૫ દિવસ પહેલાજ તેમને ફાળવી શકાશે.

આરોગ્યધામના ધરાધોરણો તથા નિયમો મે વાંચ્યા છે અને તેને આધીન રહીને આ અરજી કરું છું. આ નિયમો તથા એ સંબંધમાં બીજા જે નિયમો નક્કી કરવામાં આવશે તે પાળવા હું અને મારી સાથે રહેવા આવનાર સર્વે મંજુર રાખશુ. હું અથવા મારી સાથે રહેવા આવનાર કોઈપણ ચેપી રોગવાળા કે અસ્થિર મગજના નથી.

તારીખ : ____________________

____________________
અરજદારની સહી

## (ઓફીસે ભરવાની વિગતો )

અરજી મળી તા: ____________________ અરજી મંજુર /નામંજુર તા: ____________________

બ્લોક નં. ____________________ આપ્યો તા.: ____________________થી તા.: ____________________

ડીપોઝીટ રસીદ નંબર : ____________________ રજાચિઠ્ઠી નંબર : ____________________

# શ્રી કચ્છી વીશા ઓશવાળ સ્થાનકવાસી જૈન મહાજન – મુંબઈ.

સંચાલિત :

# શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામ – લોનાવલા.

## - : વપરાશ માટેના નિયમો : -

૧) **નીચેના નિયમોનો ભંગ કરનારા અને નિયમો મુજબ નહીં વર્તનાર પાસેથી આરોગ્યધામના બ્લોક તરત ખાલી કરાવવામાં આવશે. તથા ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ બીજીવાર આરોગ્યધામની જગ્યા વપરાશ માટે આપવામાં આવશે નહીં.**

૨) જનસંખ્યા મર્યાદા બંગલા : ક.વી.ઓ. માટે 3 BHK (A)– ૮+૭, ૨BHK (B) – ૬+૪, ૧BHK (C) – ૪+3 સિંગલ રૂમ (D)– ૨+૧ અને નોન ક.વી.ઓ. માટે પાંચ રૂમ (૮), ચાર રૂમ (૬), ત્રણ રૂમ (૪).

૩) આરોગ્યધામની જગ્યા સંસ્થાના નિયમોને આધીન રહેઠાણ તરીકે રહેવા માટે આપવામાં આવે છે.

૪) રજાચીઠ્ઠી મેળવનાર વ્યક્તિએ પોતાનો ફોટો ID Proof તેમજ રાશનકાર્ડની પહેલા અને છેલ્લા પાનાની કોપી જગ્યાનો કબ્જો લેતી વખતે આપવાનો રહેશે. રજાચીઠ્ઠી મેળવનાર સિવાયના અન્ય કુટુંબને જગ્યાનો કબ્જો અપાશે નહી તેમ જ રહેવા દેવામાં આવશે નહી. ગેરઉપયોગ કરનારની રજાચીઠ્ઠી રદ્ કરવામાં આવશે અને તેની ડીપોઝીટ જપ્તકરી શકાશે.

૫) અરજીપત્રકની સાથે નિયત કરેલી રકમ ડીપોઝીટ તરીકે આપવાની રહેશે. અને અરજી મંજુર થયેથી રહેવા માટેના ચાર્જની રકમ ભરી રજાચીઠ્ઠી મેળવવાની રહેશે. અરજી નામંજૂર કરવાના કારણો આપવામાં આવશે નહીં.

૬) આરોગ્યધામની જગ્યા ફકત શાકાહારીઓને જ વપરાશ માટે મળશે. માંસાહાર-મધપાન- જુગાર, ગુટકા/તંબાકુ નિષેધ છે.

૭) અરજદારે અરજીમાં પુરેપૂરી વિગતો લખવાની રહેશે અધૂરી કે ખોટી વિગતોવાળા અરજીપત્રક પર વિચારણા કરવામાં આવશે નહીં.

૮) બિમાર વ્યક્તિ રહેવા આવનાર હોય તો તેની માંદગીની પૂરી વિગતો તથા તબીબી પ્રમાણપત્ર સાથે આપવાનું રહેશે. પરંતું મગજની અસ્થિરતાવાળા કે ક્ષય, કોલેરા તથા બીજા ચેપી રોગોવાળા માણસોને રહેવા દેવામાં આવશે નહીં.

૯) બ્લોકના વપરાશ માટે મંજુર થયેલ તારીખથી નિયત કરેલ મુદતમાં ત્યાં રહેવા પહોચીં જવાનું રહેશે. અન્યથા રજા ચિઠી રદ્બાતલ થયેલી ગણવામાં આવશે. આ રજા ચિઠી બીજાના નામે ટ્રાન્સફર કરી શકાશે નહીં.

૧૦) રહેવા આવનારે બ્લોકનો કબ્જો લેતા પહેલા આરોગ્યધામના મેનેજર પાસે જરૂરી નોંધ કરાવવાની રહેશે.

૧૧) અરજીપત્રકમાં જણાવેલા નામો ઉપરાંત તે જગ્યામાં રહેવા આવનાર નામ આદિ વિગતો ફરજીયાત નોંધાવવાની રહેશે.

૧૨) આરોગ્યધામની જગ્યાનો કાયદેસરનો હક્ક તથા કબજો સંસ્થાનોઅને તેના વતી સંસ્થાના ટ્રસ્ટીઓનો તેમ જ અધિકારીઓનો રહેશે. મજકૂર જગ્યા નિયત સમય રહેવા માટે અરજદારને કે તેની સાથે રહેવા આવનારને નિયમાનુસાર નિયત સમય માટે રહેઠાણ તરીકે આપવામાં આવે છે, તેથી તે જગ્યામાં તેમના ભાડુત તરીકેના કે અન્ય કોઈપણ હક્ક પ્રાપ્ત થતા નથી અને તેવો કોઈપણ સંજોગોમાં હક્ક દાવો તેઓ કરી શકશે નહીં.

૧૩) રજા ચિઠી મળી ગયા પછી એ રદ્દ કરાવવાની હશે તો સંસ્થાના નિયમ મુજબ કપાત કરી, બાકીની રકમ પરત કરવામાં આવશે.

૧૪) આરોગ્યધામની જગ્યાનિયત સમય માટે ફકત રહેઠાણ તરીકે આપવામાં આવી છે તે સિવાય આ જગ્યાનો ઉપયોગ ધંધાકીય કે અન્ય અમાન્ય, પ્રતિબંધિત, ગેરકાનૂની કે અસામાજીક હેતુઓ માટે નથી.

૧૫) કોઈપણ વ્યક્તિ બીજાઓના નામે અરજી કરી આરોગ્ધામનો લાભ લેતો જણાશે અગર અગાઉથી જેમના નામો ન નોંધાવેલા હોય તેવી વ્યક્તિઓ કોઈપણ રહેતી જણાશે તો તેમને તથા સાથે રહેનાર સઘળાને તરત જ તે જગ્યા ખાલી કરાવવામાં આવશે.

૧૬) કોઈપણ કારણસર આરોગ્યધામના સંચાલકો તરફથી રહેવા માટે મળેલી જગ્યા ખાલી કરી આપવાનું જણાવવામાં આવતા તેણે તે જગ્યા તુરંત ખાલી કરી આપવાની રહેશે. ખાલી કરવાના કારણો આપવા સંચાલકો બંધાયેલા નથી.

૧૭) બ્લોકનો કબ્જો લેતી વખતે સાથે આપવામાં આવતી દરેક નાની-મોટી વસ્તુઓની યાદી રહેવા આવનારે કર્મચારીની યાદી સાથે જોઈ, તપાસી, મેળવી તથા ગણી લેવી. જગ્યા પાછી આપતી વખતે તે બધી વસ્તુઓ પૂરેપૂરી અને મૂળ હાલતમાં સુપ્રત કરવાની રહેશે.

૧૮) રહેવા માટે આપવામાં આવેલા બ્લોકમાં તથા આરોગ્યધામના આખા સંકૂલમાં પૂરતી સ્વચ્છતા રાખવી અને માલ – મિલકતની પૂરતી કાળજીથી જાણવણી કરવી, ક્યાંય ગંદકી ગેર-ઉપયોગ કે કોઈ જાતનું નુકશાન કરવું નહીં કે ઉપરથી કચરો નીચે ફેંક્વો નહીં. જગ્યામાં ક્યાંય ખીલા વિગેરે ખોડવા નહીં તથા આપેલી ચીજોનો દુરુપયોગ કરવો નહીં.

૧૯) સુવા માટે આપવામાં આવેલા ગાદલા નીચે કંતાન પાથરવા તથા ગાદલા, તકીયા વગેરે ખોલ કે ઓછાડ વગર વાપરવા નહીં. તથા નાના બાળકો હોય તો ગાદલા ઉપર રબ્બર વિગેરે પાથરીને વપરાશ કરવો. ગાદલા વિગેરે કોઈ પણ કારણે ખરાબ થશે તો તેને ધોલાઈ ખર્ચ અને ફરીથીથનાર ભરાઈ ખર્ચ વિગેરે લેવામાં આવશે. રસોઈ, સાફસફાઈ અને ગાદલા પાથરવા વગેરે કામ રહેવાવાળાએ જાતે રવાના/કરાવવાના રહેશે. આરોગ્યધામ અથવા સંચાલકો આ કામ માટે બંધાયેલ નથી કે તે માટે કોઈપણ જાતની સગવડ કરી આપવા પણ બંધાયેલા નથી.

૨૦) આરોગ્યધામની વસ્તુઓ બહાર લઈ જવા દેવામાં આવશે નહીં.

૨૧) આરોગ્યધામમાં રહેનારા કે તેમને મળવા આવનારાઓ તરફથી અન્ય રહેનારાઓને ત્રાસરૂપ થાય તેવું વર્તન, ગેરશિસ્ત કે પ્રતિબંધિત પ્રવૃત્તિઓ કરવી નહીં.

૨૨) પાણીનો નળ તથા વિજળીનો વપરાશ જરૂરીયાત પ્રમાણે કરવો. બહાર જતી વખતે નળ તથા વિજળીનાં મેઈન સ્વીચ બંધ કરવા.ગેરઉપયોગ ન થાય તેની જવાબદારી બ્લોકમાં રહેનારની રહેશે.

૨૩) આરોગ્યધામના પરીસરમાં સાયકલ ફેરવવાની,ક્રીકેટ તથા દડાની રમત રમવાની સખત મનાઈ છે.

૨૪) કોઈપણ સામુહીક કાર્યક્રમનું આયોજન કરતા પહેલાં કાર્યાલયમાંથી સંમતી મેળવવી જરૂરી છે.

૨૫) આરોગ્યધામમાં રહેવા આવનાર પોતાના હિસાબેને જોખમે આરોગ્યધામમાં રહેશે તેમની કોઈચીજ-વસ્તુઓ ગુમાઈ જાય કે ચોરાઈ જાય કે અન્ય કોઈપણ પ્રકારે કંઈ નુકશાન કે ઈજા થાય તો તેની જવાબદારી સંસ્થાની કે તેના સંચાલકોની રહેશે નહીં.

૨૬) આરોગ્યધામમાં રહેવા આવનારને આપવામાં આવેલી જગ્યા કે સર-સમાન શિવાય આરોગ્યધામની બીજી કોઈ જગ્યા કે સર-સામાનનો ઉપયાગે કરી શકશે નહીં

૨૭) આરોગ્યધામમાં જે પ્રવૃત્તિ માટે જે નિયમો મુકરર કરેલ હશે તેનું યોગ્ય રીતે કડક પાલન કરવાનું રહેશે.

૨૮) આરોગ્યધામમાં બપોરના ૧ થી ૪ તથા રાત્રે૧૦ થી સવારના ૬ વાગ્યા સુધીનો સમય શાંતિનો સમય રહેશે અને તે સમય દરમ્યાન રમત-ગમત, રેડીયો કે અન્ય કોઈરીતે પણ ઘોંઘાટ, અવાજ કરવાની સખ્ત મનાઈ છે.

૨૯) આરોગ્યધામમાં રહેવા આવનાર વ્યક્તિને કોઈપણ જાતના પશુ-પંખીઓ સાથે લાવવા દેવામાં આવશે નહીં.

૩૦) રહેવા કે મળવા આવનાર પોતાની સાથે મોટરકાર લાવેલ હશે તો અગાઉથી પરવાનગી લઈને તથા મોટરનંબર નોંધાવીને મોટર રાખવા દેવામાં આવશે. પાર્કીંગચાર્જ :- (સંસ્થાના નિયમોને આધીન લેવામાં આવશે.)

૩૧) પોતાને રહેવા માટે મળેલ જગ્યાનો તથા આરોગ્યધામની અન્ય જગ્યાનો ઉચિત રીતે, અન્યકોઈને નડતર વિના ઉપયોગ કરવો, સમગ્ર મકાન, કમ્પાઉન્ડ, બગીચા વિગેરેમાં ક્યાંય કોઈ જાહેરાત, લખાણ કે કાગળીયા લગાડવા નહીં કે અન્ય કોઈ રીતે નુકશાન પહોંચાડવું નહીં. તેમ કરતા સફાઈનો કે કલરનો ખર્ચ તે વ્યક્તિને આપવાનો રહેશે.

૩૨) આરોગ્યધામના ટ્રસ્ટીઓ, અધિકારીઓને તપાસ માટે બ્લોકમાં પ્રવેશવાનો કોઈપણ સમયે હક્ક રહેશે અને તેનો વપરાશકારપ્રતિકારકરી શકાશે નહીં.

૩૩) ટેલીફોન વપરાશ / ઉપયોગ નિયમાધિન રહેશે.

૩૪) આરોગ્યધામ અંગે કાંઈપણ ફરિયાદ કે તકરાર હોય તો મેનેજર કે કર્મચારીઓ સાથે વાદવિવાદ ન કરતાં ફરિયાદ પોથીમાં ફરિયાદ લખવી. કોઈપણ ફરિયાદ કે વરવાંધા અંગે ટ્રસ્ટીઓ / અધિકારીઓનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશો.

૩૫) આરોગ્યધામના "બ્લોકનો કબ્જો સવારના ૯ થી સાંજના ૮ સૂધી મળશે વધારાના ગાદલા કે સર-સામાન રાતના ૮વાગ્યા સુધીજ આપવામાં આવશે.

૩૬) બ્લોક કે અન્ય કોઈપણચીજ-વસ્તુના વપરાશ માટેની મુદ્દત પૂરી થયેલી અગર અન્ય જણાવેલ કે ન જણાવેલ કારણોસર વપરાશ હક્ક રદ્દબાતલ કર્યેથી તેજ વખતે જગ્યાનો તથા મળેલ અન્ય તમામ સર-સામાનનો કબજો. મૂળ હાલતમાં- ટ્રસ્ટીઓ, અધિકારીઓ, અધિકૃત કર્મચારીઓને સોંપી દેવાનો રહેશે. જો તેમ કરવામાં રહેનાર નિષ્ફળ જશે તો. સત્તાની રૂએ યોગ્ય રીતે કબ્જો લઈ લેવામાં આવશે.

૩૭) આરોગ્યધામના રહેણાક ચાર્જની તથા અન્ય સર-સામાનના ચાર્જની તથા અન્ય સેવાઓ માટેના ચાર્જની રકમો. વખતોવખત સંચાલકો તરકથી નક્કી કરવામાં આવશે અને તે ઉપયોગ કરનારે ભરવાની રહેશે.

૩૮) બ્લોક કે રહેવા માટે લીધેલી કોઈપણ ચીજ-વસ્તુને નુકશાન થયું હશે કે તૂટફૂટ થઈ હશે કે ગુમ થયેલ હશે તો તે સંસ્થાને નક્કી કરેલ રીતે રહેનારે ભરપાઈ કરી આપવાની રહેશે તે પછી જ ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

૩૯) નિયમના ભંગ માટે અન્ય કારણસર બ્લોક ખાલી કરાવવા જતાં સંસ્થાને જે નુકશાની કે કાર્યવાહીનો ખર્ચ થયેલ હશે તે રહેનારે ભરપાઈ કરી આપવાનો રહેશે.

૪0) જે અરજીપત્રક નામંજુર કરવા જેવું હશે અગર જેમને આરોગ્યધામની યુનીટ વપરાશ માટે નિયમાનુસાર નહીં આપવાનો હશે. તેમને શરત ચૂકીથી રહેવાની મંજુરી અપાઈ ગઈ હશે તો ખબરપડતા પાછળથી તે રદ્દકરી બ્લોક ખાલી કરાવવામાં આવશે.

૪૧) ઉપરોક્ત નિયમોમાં ફેરફાર તથા નવાનિયમો કરવાનો મહાજનશ્રી ને/ સંસ્થાને હકક રહેશે અને તેના સર્વ નિયમો બંધનકર્તા ગણાશે.

૪૨) આરોગ્યધામમાં રાતના ૧૧-૦૦ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી કોઈને પ્રવેશ આપવામાં આવશે નહી.

૪૩) ફીડબેક ફોર્મ ભરવા જરૂરી છે.

૪૫) આરોગ્યધામ આપવા માટે સમયની ગણતરી સામાન્ય રીતે નીચે મુજબ રહેશે.

મહિનોઃ૧લી તારીખથી ૨૯/30 તારીખ

૧૫દિવસઃ૧થી૧૪ અથવા ૧૬ થી ૨૯/30 આખર તારીખ.

“દૈનિક: સવારના ૮.00 થી બીજા દિવસે સવારના ૮.00 દરમ્યાનનો સમય.

તારીખ : ____________________ અરજદારની સહી ____________________